શિયાળવી અને સસલું

'રાદુગા' પ્રકાશન
મોસ્કો



રૂસી લોક વાર્તા

ચિત્રો—યેવ્ગેની રાચેવ

ઘણાં ઘણાં વખત પહેલાંની વાત છે. એક જંગલમાં સિલેટી સસલું અને શિયાળવીબેન રહેતાં હતાં.

હવે પાનખર આવતાંની સાથે સિલેટી સસલાંની ચામડી ઝાંખી પડવા લાગતી અને જ્યારે હિમ અને હિમવર્ષા સાથેનાં વાવઝોડાંવાળો શિયાળો શરૂ થતો ત્યારે તે બરફ જેવું સફેદ થઈ જતું. કડકડતી ઠંડી અનુભવતાં સિલેટી સસલાંએ પોતાનાં માટે ઝૂંપડી બાંધવાનો નિર્ધાર કર્યો. તેણે લાકડાંનાં ટૂકડાં એકઠાં કર્યાં. શિયાળવીએ આ જોઈને તેને પૂછ્યું.

"એય બાંડા, આ તું શું કરે છે?"

"જોતી નથી? ઠંડીથી બચવા મારા માટે ઝૂંપડી બાંધુ છું."

"જુઓ તો, કેટલું સમજદાર છે," શિયાળવીએ મનમાં વિચાર્યું. "ચાલ, હું પણ ઝૂંપડી બનાવું, પણ હા, હું લાકડાંની નહિ પણ કાચનાં મહેલ જેવી સુંદર ઝૂંપડી બનાવીશ!"



આમ વિચારી તે નીકળી પડી અને ઝૂંપડી બનાવવા માટે બરફનાં ચોસલાં એક પછી એક લાવવા લાગી.

બંને ઝૂંપડીઓ થોડા જ વખતમાં તૈયાર થઈ ગઈ અને બંને પાડોશીઓ એક સાથે જ તે ઘરોમાં રહેવા લાગ્યાં તથા ખૂબ જ આરામ અને હૂંફ અનુભવવાં લાગ્યાં.

શિયાળવીએ પોતાની બર્ફીલી બારીમાંથી બહાર જોયું અને સસલા પર હસવા લાગી: "બાંડા, તેને તું ઝૂંપડી કહે છે! મેં કદી આટલી ગંદી અને કંગાળ જેવી દેખાતી ઝૂંપડી નથી જોઈ. મારી ઝૂંપડી જો જરા. તે એકદમ સ્વચ્છ અને ચળકતી છે જાણે ઝળહળતો કાચનો મહેલ! જો કદી તે હતો તો!"

આખો શિયાળો શિયાળવી ખૂબ ખુશ રહી પણ જેવી વસંત ઋતુ આવી અને બધો બરફ ઓગળી ગયો ત્યારે તેની ઝૂંપડી પણ ઓગળીને ક્યાંય અદૃશ્ય થઈ ગઈ હતી અને ઝરણામાં મળી ગઈ હતી.

હવે શિયાળવી શું કરે? તે ખુલ્લામાં બહુ સારી રીતે રહી શકતી નહોતી, રહે પણ કેવી રીતે! તેથી તેણે સિલેટી સસલું ફરવા માટે અને બરફ નીચેથી ખોદી કાઢેલાં ઘાસને ખાવા માટે બહાર નીકળે ત્યાં સુધી રાહ જોઈ અને તે સમયે તે તેની ઝૂંપડીમાં ચોરી છૂપી ઘૂસી ભઠ્ઠીની અભરાઈ પર ચઢી ગઈ.

સિલેટી સસલું પાછું આવ્યું, તેણે બારણું ખોલવાનો પ્રયત્ન કર્યો, પણ અરે! એ તો બંધ હતું. તેથી તેણે થોડી વાર રાહ જોઈ અને પછી બારણે ટકોરાં માર્યાં—ટક ટક!

"કોણ છે ત્યાં?" શિયાળવીએ ઘોઘરા અવાજે બૂમ પાડી.

"એ તો હું, આ ઝૂંપડીનો માલિક સિલેટી સસલું છું! મને અંદર આવવા દે, શિયાળવી!"

"હું નહીં ઘૂસવા દઉં! અહીંથી જતો રહે, બાંડા!" શિયાળવીએ જવાબ આપ્યો. સિલેટી સસલાંએ થોડી વધારે રાહ જોઈ.

"હવે બહુ થઈ ગયું, શિયાળવીબાઈ," તેણે કહ્યું. "તેં હવે બહુ મજાક કરી લીધો અને હવે જરા મને અંદર આવવા દે કારણ કે મને ઘેન ચઢયું છે અને હું સૂવા ઈચ્છું છું."

પણ શિયાળવીએ જવાબમાં બૂમ પાડી:

"ઊભો રહે, બાંડા! હું હમણાં જ અહીંથી બહાર કૂદી આવીશ અને તને મસળીને તારાં ટૂકડે ટૂકડાં કરી નાંખીશ."

સિલેટી સસલું ચોધાર આંસુએ રડી પડયું અને જ્યાં રસ્તો દોરી ગયો તે તરફ નીકળી પડયું.

થોડી વાર પછી રસ્તામાં તેને ભૂખરું વરુ મળ્યું.

"કેમ છે, સિલેટી સસલાં!" ભૂખરાં વરુએ કહ્યું. "તું શા માટે રડે છે?"

"બીજું હું શું કરું! મારી લાકડાની ઝૂંપડી હતી અને શિયાળવીની બરફની. તેની ઝૂંપડી ઓગળીને ટેકરી નીચેના ઝરણામાં વહી ગઈ તેથી તે મારી ઝૂંપડીમાં ઘૂસી ગઈ અને હવે મને અંદર પેસવા નથી દેતી!"

"ચિંતા ના કર, હું તેને બહાર હાંકી કાઢીશ!"

"ભલાં ભૂખરાં વરુ, મને તે વિષે ખાતરી નથી કારણ કે તે ઝૂંપડીમાં ઘૂસી ગઈ છે અને ત્યાં જ રહેવાનો પાકો ઈરાદો કરીને બેઠી છે!"

"જો હું તેને ભગાડી ન દઉં તો મારું નામ વરુ નહીં!" ભૂખરો વરુ ગરજ્યો.

સિલેટી સસલું ખુશ ખુશ થઈ ગયું અને તે તથા ભૂખરું વરું શિયાળવીને બહાર હાંકી કાઢવા સાથે પાછાં ફર્યાં.

"એય, શિયાળવી, સિલેટી સસલાની ઝૂંપડીમાંથી અબઘડી બહાર નીકળી આવ!" ભૂખરું વરુ જોરથી બરાડયું.

શિયાળવીએ વળતી બૂમ પાડી:

"તું જરા થોભી જા, ભૂખરા વરુ! હું હમણાં જ ભઠ્ઠી પરથી ઊતરી અને ઝૂંપડીની બહાર કૂદી આવીશ તથા તને પંજામાં મસળીને તારાં ટૂકડે ટૂકડાં કરી નાંખીશ?"

"અરે બાપરે! તે તો બહુ ભયંકર ગુસ્સામાં લાગે છે!" ભૂખરું વરુ ગણગણ્યું અને ઊભી પૂંછડીએ જંગલમાં દોડી ગયું.

જ્યારે સિલેટી સસલું નીચે બેસી પડયું અને રડવા લાગ્યું.

થોડી વાર પછી એક કાળું સાંઢ તેની તરફ આવ્યું.

"કેમ છે, સિલેટી સસલાં! તું શા માટે રડે છે?" કાળાં સાંઢે પૂછયું.

"બીજું હું શું કરું! મારી એક લાકડાની ઝૂંપડી હતી અને શિયાળવીની બરફની.

તેની ઝૂંપડી ઓગળી ગઈ અને તેથી હવે તે મારી ઝૂંપડીમાં ઘૂસી ગઈ છે અને મને અંદર ઘૂસવા નથી દેતી!"

"ચિંતા ના કર," કાળાં સાંઢે કહ્યું. "હું તેને બહાર હાંકી કાઢીશ!"

"ભલા કાળા સાંઢ, તે તો હું નથી જાણતો કારણ કે તે મારી ઝૂંપડીમાં ઘૂસી ગઈ છે અને ત્યાં જ રહેવાનો ઇરાદો રાખે છે. વળી ભૂખરાં વરુએ પણ તેને બહાર હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો હતો તેમ છતાં તે તેને હાંકી કાઢી ન શક્યું તો તું કેવી રીતે કરી શકશે!"

"જો હું તેને હાંકી ન કાઢું તો મારું નામ કાળું સાંઢ નહીં!" કાળું સાંઢ બરાડયું.

સિલેટી સસલું રાજી રાજી થઈ ગયું અને તે તથા કાળું સાંઢ એક સાથે શિયાળવીને બહાર હાંકી કાઢવા પાછાં ગયાં.

"એય, શિયાળવી, સિલેટી સસલાની ઝૂંપડીમાંથી અબઘડી બહાર નીકળી આવ!" કાળું સાંઢ બરાડયું.

શિયાળવીએ વળતી બૂમ પાડી:

"તું જરા થોભી જા, કાળા સાંઢ! હું હમણાં જ ભઠ્ઠી પરથી ઊતરીશ અને ઝૂંપડીની બહાર કૂદી આવીશ તથા હું તને મસળીને તારાં ટૂકડે ટૂકડાં કરી નાંખીશ!"

"અરે બાપરે! એ તો ભયંકર ગુસ્સામાં લાગે છે!" કાળું સાંઢ ગણગણ્યું અને ત્યાંથી ઊંધા માથે ભાગી ગયું.

સિલેટી સસલું ઘાસના ઢગલા પાસે બેસી ગયું અને રડવા લાગ્યું.

થોડી વારમાં એક ભૂરું રીંછ તેની પાસે આવ્યું.

"કેમ છે, સિલેટી સસલાં!" તેણે કહ્યું. "તું શા માટે રડે છે?"



ЕР

"બીજું હું શું કરું! મારી લાકડાની ઝૂંપડી હતી અને શિયાળવીની બરફની. તેની ઝૂંપડી ઓગળી ગઈ તેથી તે મારી ઝૂંપડીમાં ઘૂસી ગઈ છે અને મને અંદર પેસવા નથી દેતી!"

"ચિંતા ના કર, હું તેને બહાર હાંકી કાઢીશ!"

"ભલાં ભૂરાં રીંછ, એ તો હું નથી જાણતો કારણ કે તે મારી ઝૂંપડીમાં ઘૂસી ગઈ છે અને ત્યાં જ રહેવાનો ઇરાદો રાખે છે. ભૂખરા વરુએ તેને બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો પણ ફાવ્યું નહીં, કાળા સાંઢે પણ પ્રયત્ન કર્યો, તેય ન ફાવ્યું, તો તું કેવી રીતે કરી શકશે!"

"જો હું તેને બહાર હાંકી ન કાઢું તો મારું નામ ભૂરું રીંછ નહીં!" ભૂરું રીંછ ગર્જ્યું.

સિલેટી સસલું ખુશ ખુશ થઈ ગયું. ભૂરાં રીંછની સાથે તે શિયાળવીને હાંકી કાઢવા પાછું ગયું. તે આખા રસ્તે ખુશીમાં ઊછળકૂદ કરતું રહ્યું.

"એય શિયાળવી!" ભૂરું રીંછ બરાડ્યું. "સિલેટી સસલાની ઝૂંપડીમાંથી બહાર નીકળી આવ!"

શિયાળવીએ વળતી બૂમ પાડી.

"તું જરા થોભી જા, ભૂરા રીંછ! હું હમણાં જ ભઠ્ઠી પરથી ઊતરી અને ઝૂંપડી બહાર કૂદી આવીશ અને તને મસળીને તારાં ટૂકડે ટૂકડાં કરી નાંખીશ!"

"અરે બાપરે બાપ! તે તો બહુ ભયંકર રીતે ગુસ્સામાં લાગે છે!" ભૂરા રીંછે કહ્યું અને ત્યાંથી ભાગી ગયું.

હવે બિચારું સિલેટી સસલું શું કરે? તેણે શિયાળવીને તેને અંદર ઘૂસવા દેવા માટે આજીજી કરવાનું શરૂ કર્યું. પણ શિયાળવીએ તેની આજીજી તરફ જરા સરખું પણ લક્ષ્ય ન આપ્યું.



સિલેટી સસલું ચોધાર આંસુએ રડવા લાગ્યું અને રસ્તો જ્યાં દોરી ગયો તે તરફ નીકળી પડયું. તે ચાલતું ગયું અને ચાલતું ગયું. થોડી વાર પછી તેને ખભા પર વાંકી તલવારવાળો લડાયક સોનેરી કૂકડો મળ્યો.

"કેમ છે, સિલેટી સસલા!" સોનેરી કૂકડાએ કહ્યું. "તું શા માટે રડે છે?"

"બીજું હું શું કરું! મારી લાકડાની ઝૂંપડી હતી અને શિયાળવીની બરફની. તેની ઝૂંપડી ઓગળી ગઈ અને તેથી હવે તે મારી ઝૂંપડીમાં ઘૂસી ગઈ છે અને મને અંદર ઘૂસવા દેતી નથી!"

"ચિંતા ના કર! હું તેને બહાર હાંકી કાઢીશ!"

"તે તો હું નથી જાણતો, ભલા સોનેરી કૂકડા કારણ કે તેણે પોતાની જાતને અંદર બંધ કરી લીધી છે અને તે ત્યાં જ રહેવાનો ઈરાદો રાખે છે. ભૂખરા વરુએ પ્રયત્ન કર્યો તેને હાંકી કાઢવાનો પણ ન હાંકી શક્યું, કાળા સાંઢે પ્રયત્ન કર્યો તે પણ કાઢી ન શક્યું, ભૂરા રીંછે પણ પ્રયત્ન કર્યો અને તે પણ ન કાઢી શક્યું, ત્યારે તું કેવી રીતે કરી શકશે!"

"કશો વાંધો નહિ, હું પણ એવો જ પ્રયત્ન કરીશ," સોનેરી કૂકડાએ કહ્યું અને સિલેટી સસલું તેની સાથે પાછું શિયાળવીને હાંકી કાઢવા ઝૂંપડી તરફ ગયું.

તેઓ સિલેટી સસલાની ઝૂંપડી પાસે આવી પહોંચ્યાં. સોનેરી કૂકડાએ બૂમ પાડી કહ્યું:

"આવ શિયાળવી, પ્રયત્ન ન કર સંતાવાનો
જુએ છે વાટ બહાર સોનેરી કૂકડો.
પોતાની નવી ધારદાર તલવારસાથે
સીધો કરીશ હું તારા પર હુમલો.
બહાર નીકળ શિયાળવી અને ભાગી જા દૂર સત્ત્વરે,
છોડી દે આ ઝૂંપડી ઉતાવળે,
નહીં તો બનાવીશ હું ટોપી તારી સુંદર ખાલની!"

શિયાળવીએ તેને સાંભળ્યો અને ખૂબ જ ગભરાઈ ગઈ.

"ઊભો રહે, રૂપેરી દાઢીવાળા સોનેરી કૂકડા, આટલી ઉતાવળ ન કર!" તેણે બૂમ પાડી કહ્યું.

પણ સોનેરી કૂકડાએ તેની એક ન સાંભળી.

"કૂકડે કૂક! હું સીધો આવું છું તારી તરફ!" તેણે બૂમ પાડી.

શિયાળવીએ ફરીથી એકદમ તીણા અને મીઠાશભર્યા અવાજમાં કહ્યું: "મહેરબાની કરીને, રાતી કલગીવાળા સોનેરી કૂકડા, મારાં ઘરડાં હાડકાં પર દયા ખા અને ઓછામાં ઓછો મને મારો કોટ તો પહેરી લેવા દે.

પણ સોનેરી કૂકડો તો બારણામાં જ ઊભો હતો અને પહેલાંની જેમ જ બોલી રહ્યો હતો:

"આવ શિયાળવી, પ્રયત્ન ન કર સંતાવાનો,
જુએ છે વાટ બહાર સોનેરી કૂકડો.
પોતાની નવી ને ધારદાર તલવાર સાથે
સીધો કરીશ હું તારા પર હુમલો.
બહાર નીકળ ઓ શિયાળવી ને ભાગી જા દૂર સત્વરે,
છોડી દે આ ઝૂંપડી એકદમ ઉતાવળે.
નહીં તો બનાવીશ હું ટોપી તારી સુંદર ખાલની!"

હવે બીજો કોઈ ચારો નહોતો, તેથી શિયાળવીએ બારણું ખોલ્યું અને બહાર કૂદી આવી ઊભા પગે દોડ લગાવી. જ્યાં સુધી સોનેરી કૂકડાની વાત છે, તો તે અને સિલેટી સસલું સાથે મળીને સિલેટી સસલાના ઘરમાં રહેવા લાગ્યાં અને ત્યાર પછી તેઓ ખૂબ મોજથી રહ્યાં અને કદી આંસુની છાયા પણ તેમની આંખોનાં ન દેખાઈ.

અનુવાદ — શ્રુતિ મહેતા

ЛИСА И ЗАЯЦ

Русская народная сказка

На языке гуджарати

THE FOX AND THE HARE

A Russian folk tale

In Gujarati

Перевод сделан по книге:
"Лиса и заяц", М., Изд-во
"Детская литература", 1982 г.
Для дошкольного возраста.

© ગુજરાતી અનુવાદ, 'રાદુગા' પ્રકાશન, ૧૯૯૦

સોવિયેત સંઘમાં મુદ્રિત

Л $\frac{4803010104-245}{031(01)-90}$ 131-90

ISBN-5-05-002929-5

30 к.

ИБ № 5998

Переводчик Ш. Мехта. Редактор русского текста М. Шумская. Контрольный редактор Л. Савельева. Художник Е. Рачев. Художественный редактор Н. Малкина. Технический редактор Р. Никифорова. Корректор А. Шамаро. Сдано в набор 28.09.89. Подписано в печать 27.02.90. Формат 60x90/8. Бумага офсетная. Гарнитура Гуджарати. Печать офсетная. Условн. печ. л. 2,0. Усл. кр.-отт. 8,0. Уч.-изд. л. 2,43. Тираж 3300 экз. Заказ № 4278. Цена 30 к. Изд. № 6743. Издательство "Радуга" В/О Совэкспорткнига Государственного комитета СССР по печати. 119859, Москва, ГСП-3, Зубовский бульвар, 17. Фирма-партнер: Пиплз Бук Хаус, г. Ахмедабад, Индия. Текст набран на Можайском полиграфкомбинате В/О Совэкспорткнига Государственного комитета СССР по печати. 143200, Можайск, ул. Мира, 93. Отпечатано на Ленинградской фабрике офсетной печати № 1 дважды ордена Трудового Красного Знамени Ленинградского производственного объединения "Типография имени Ивана Федорова" Государственного комитета СССР по печати. 197101, Ленинград, ул. Мира, 3.